## ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર

## સને ૨૦૧૫–૧૬ની કપાસ પાક સીઝન માટે અંતિમ સલાહ

**મધ્ય અને દક્ષિણ ભારતમાં કપાસની સીઝન વીણીનાં અંતિમ તબકકામાં અને પૂર્ણ થવા જઈ રહી છે.**

૧. જે ખેતરોમાં પ્રતિ છોડ ૮ થી ૧૦ જીંડવા જોવા મળતાં હોય તે ખેતરોમાં ગુલાબી ઈયળનાં નુકશાનની મોજણી કરવાં અસ્તવ્યવસ્ત પધ્ધતિથી ૧ એકર વિસ્તારમાંથી ૨૦–૫૦ લીલાં જીંડવાની ચકાસણી કરી ૨૦% નુકશાન જોવા મળે તો ગુલાબી ઈયળનું નુકશાન વધતું અટકાવવા તરત જ સીન્થેટીક પાયરેથ્રોઈડ દવાનો એક છંટકાવ કરવો. ખુલ્લાં જીડવામાંના કપાસની વીણી બાદ ફકત લીલાં જીંડવામાં ગુલાબી ઈયળનું નુકશાન અટકાવવા રાસાયણિક દવાનો છંટકાવ કરવો. ખેડુતોને જાન્યુઆરી મહિનામાં પાક પુરો કરી દેવાની સલાહ આપવામાં આવે છે.

૨. બીનજરૂરી પિયત અને ખાતર આપી પાક લંબાવવાથી પાછળની અવસ્થામાં લાગતાં જીંડવાઓમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ થવાની શકયતા વધી જાય છે. કપાસનો બડઘા અને ઉનાળું પાક લેવાનું ટાળવું. ગુલાબી ઈયળનું નુકશાન અને તેમાં જનીન સામે કેળવાતી પ્રતિકારકતા અટકાવવા આ પગલાંઓની અત્યંત જરૂરીયાત છે.

૩. કપાસની વીણી હંમેશા સવારે ૧૦.૦૦ વાગ્યા પછી સંપુર્ણ ખુલેલાં જીંડવામાંથી કરવી. બજારમાં ગ્રેડ પ્રમાણે ચોખ્ખા કપાસના મુલ્યમાં ફેર પડતો હોય છે. પ્રથમ વીણી વખતનો કપાસ અલગ રાખવો અને તેનો સંગ્રહ ચોખ્ખી કાપડની બેગમાં કરવો. વીણી કરેલ કપાસનો સંગ્રહ કંતાનની બેગમાં કરવાનું ટાળવું અન્યથા ફેર ઉપદ્રવની શકયતા વધી જાય છે. કપાસની વીણી શકય હોય તો ઝડપથી પુરી કરી દેવી.

૪. કપાસનાં ખેડુતોને પાક ફેરબદલી કરવાની સલાહ આપવામાં આવે છે કે જેથી કિટકો, રોગો અને નિંદામણોનાં જીવન ક્રમમાં અવરોધ પેદા કરી બીજી સીઝનમાં તેનો ઉપદ્રવ અટકાવી શકાય.

૫. ગોડાઉન અથવા ઘરે સંગ્રહિત કરેલ કપાસમાંથી ગુલાબી ઈયળનાં ફુદાઓથી ફેર–ઉપદ્રવ થવાની શકયતા રહેલી હોય છે. જો આવા સંગ્રહિત કપાસનાં બીજમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ જોવા મળે તો તાત્કાલીક બાળીને નાશ કરવો.

૬. પાક પુરો થયા બાદ ઝડપથી કરસાંઠીનો નિકાલ કરવાથી બીજી સીઝનમાં ઉપદ્રવ ઘટાડી શકાય છે. છોડના અવશેષો અને કરસાંઠીઓનો બાળીને નાશ કરવાની જગ્યાએ તેનાં નાના ટુકડાઓ કરી કોહડાવીને કંપોસ્ટ(સેન્દ્રીય ખાતર) બનાવવા વાપરી શકાય.

*ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર દ્વારા પ્રસિધ્ધ થતી સલાહ અપનાવવા બદલ ખેડુતોનો આભાર માનવામાં આવે છે. પ્રતિભાવ દ્વારા પ્રોત્સાહિત કરવા બદલ આભાર. ઉત્તર ભારતમાં કપાસની વાવણી આગામી સીઝનમાં એપ્રિલ–૨૦૧૬થી શરૂ થશે. હવે પછીની અઠવાડિક સલાહો માર્ચ–૨૦૧૬નાં ત્રીજાં અઠવાડિયાથી પ્રસિધ્ધ થશે.આવજો, ફરી મળીશું.*

**ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્રની કપાસ સલાહકીય સમિતિ**